ॐ

॥ श्रीगणेशायनमः ॥

બ્રહ્મચારી

भीष्मपितामह

(स्त्री हठ)

નાટકનાં ગાયનો.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળી માટે
રચી પ્રસિદ્ધ કરનાર.

મૂળજી આશારામ ઓઝા.

મોરબી આ૦ સુ૦ નાટક મંડળીના માલેક સુરત.

આવૃત્તિ બીજી પ્રત દસ હજાર.

સુરત—દેશી મિત્ર એંજીન પ્રિન્ટીંગ પ્રેસમાં
મગનલાલ ઠીકાભાઇએ છાપી.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

મૂલ્ય બે આના.

ભૂમિકા.

આ નાટકની વસ્તુ સંકલના મહાભારતમાંથી ચુંટેલી છે. અને તે સનાતન ધર્મમાં પ્રસિદ્ધ છે. આર્યોમાં બ્રહ્મચર્યને કેવું મહત્ત્વવાળું માન્યું છે, તે ભીષ્મપિતામહના ચરિત્ર પરથી અવલોકન કરતાં આપણી દૃષ્ટિ બ્રહ્મચર્ય તરફ વળે તો દીર્ઘાયુષ્ થવાનો એ મુખ્ય પાયો છે; જે ભીષ્મે પ્રતિપાલન કરવાથી કાળ પણ તેની ઇચ્છા વિરુદ્ધ ભક્ષણ કરવા અસમર્થ હતો, એવો ધીરોદાત્ત આ નાટકનો ઉપનાયક છે.

વસ્તુની શરૂઆત કાશી રાજાને ત્યાં તેની ત્રણ પુત્રીઓના સ્વયંવરથી થાય છે, આર્યાવર્તના મહાન્ ભૂપતિયોની સમક્ષ બ્રહ્મચર્ય વ્રત ધારી ભીષ્મ પોતાના ઓરમાન નાના ભાઈ માટે ત્રણે કન્યાઓનું હરણ કરી પિતૃભક્તિની છાપ પાડે છે. જે પ્રાચીન આર્ય ક્ષાત્ર ધર્મને શોભાવનાર તથા પાશ્ચાત્ય સંસારના મોહમાં તણાતા આધુનિક સુધારકોને પ્રાચીન આર્ય સંસારની શ્રેષ્ટતાનું ભાન કરાવનાર છે.

રહસ્ય પુનર્જન્મનું પ્રતિપાદન, કરેલા સંકલ્પો અવસ્ય ભોગવવાના. જેથી શુભ સંકલ્પો કરવાની પ્રવૃત્તિ કરવી, અધ્યાત્મ યોગ વિના જીવ વિરામ પામતો નથી, એ જે હિંદુ ધર્મની ફીલસુફી, વેદના સાર રૂપ, ગીતાના ઉપદેશથી કર્ત્તા અકર્ત્તાનો ભ્રમ દૂર થતાં આત્મા અવિનાશી અને ચૈતન્ય રૂપે સર્વત્ર છે એવા જ્ઞાનની પ્રાપ્તતા ઇત્યાદિ.

વિજ્ઞપ્તિ નાટક એ દુનિયાનું ચિત્ર છે, એટલે થઇ ગયેલી વાતને યથાસ્થિત દ્રશ્ય રૂપે બતાવવી એનું નામ નાટક. પ્રાચીન અને આધુનિક સમયમાં ઉત્પન્ન થઇ સંસારમાં પરિભ્રમણ કરી ગયેલી, જુદી જુદી વ્યક્તિયોના સચ્ચરિત્ર

ગુ૧૮-૧

ત્રોનું દિગ્દર્શન કરાવી જન સમાજમાં ઉચ્ચભાવના પ્રગટાવવી; એજ નાટકકારોનું મુખ્ય કર્તવ્ય છે. સામ્પ્રત સમયનું અનુભવેલું ચિત્ર બતાવી જન સમાજમાં પ્રીતિપાત્ર થવું સહેલું છે, પણ નહિ અનુ-ભવેલા પૂર્વ કાળનું ચિત્ર બતાવી પ્રેમ પ્રાત્ર થવું એ અતિદુર્ઘટ છે.

સ્ત્રીઓના પ્રાધાન્યપણાના ચરિત્રો નાટક તખતા પર વધારે આકર્ષક થાય છે, તેવા જુદા જુદા આળેખાયલા સંસારી પ્રયોગો પ્રેક્ષકોની નજર સમક્ષ ભજવાઇ ગયા છે; એટલે હું નવીન બતાવું છું એમ તો નથી, પણ સામ્પ્રત સમયમાં પુર્વકાળનું જે વિસ્મરણ છે, તેથી તે સમયના મહત્ત્વવાળાં ચરિત્રો બતાવી જન સમુહને વ-ર્તમાન સમયનું ભાન કરાવવું એ મારો હેતુ છે. તે પ્રમાણે મહા સતી અનસૂયા તથા સુકન્યા—સાવિત્રીનાં પાતિવ્રત્ય પ્રભાવવાળાં ચરિત્રોનું અવલોકન આપ કરી ગયા, જે સ્ત્રીઓને વિશેષ માનપ્રદ છે. કોઇ શૂરવીરતામાં, કોઇ ગૃહસંસારમાં અને કોઇ ભક્તિ પદમાં ઉજવળ થઇ ગયેલી છે; તેજ પ્રમાણે આજનો વિષય હઠનો છે, સ્ત્રી હઠે ચડે તો કેટલી ઉથલપાથલ કરી કયાં સુધી પહોંચી શકે છે, તથા મહાન્ યોદ્ધાને પણ કેવી કાયર કરે છે તેવું સ્ત્રી સ્વભાવનું ચિત્ર આપ સમક્ષ રજુ કરૂં છું તેને યોગ્ય ન્યાય આપશો.

નાટકનો વિષય બહુ ગહન છે તેમાં સાક્ષર વર્ગને પ્રસન્ન કરવા એ તો મહા મુશ્કેલ છે, મારા જેવા નાટકકારે નાટકના લેખક કહેવરાવવું એ અતિશયોક્તિ વાળું ગણાય. તોપણ ફુલ નહિ તો ફુલની પાંખડી તુલ્ય મહાસતી અનસયા તથા સુકન્યા—સાવિત્રીના નાટકો રંગ ભૂમિપર મારા તરફથી રજુ કરવામાં આવ્યાં, જે પ્રેક્ષકોને રૂચીકર નીવડવાથી મારા કર્ત્તવ્યનું સાફલ્ય માની તેવોજ પ્રયાસ જારી

રાખો; આ ત્રીજું નાટક નવીન પ્રદેશનું જન સમાજને કેવું રૂચીકર થાય છે, તે જોવાની આકાંક્ષા રાખું છું. હું લેખક નથી પણ વિદ્વાનોના વિચારોનું અનુકરણ કરનારો નાટકકાર છું, તો આશા રાખું છું કે—દોષ દૂર કરી હંસ સમાન સાર ગ્રાહી દૃષ્ટિ અવલંબાવશો.

વિજયાદશમી
સંવત્ ૧૯૬૮
સુરત.

મૂળજી આશારામ ઓઝા,
[redacted] કર્ત્તા.



॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

ભીષ્મપિતામહ

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

મંગળાચરણ—સુત્રધાર અને નટીનું આધુનિક નાટકો સંબંધી વિવેચન, અને સ્ત્રી પ્રસંશા.

પ્રવેશ ૧ લો—કાશી વિશ્વનાથનું મંદિર—કાશી રાજાની મોટી પુત્રી અંબા પોતાની સખીઓ સહ કાશીવિશ્વનાથના પુજનાર્થે આવે છે, કુવામાંથી જળ સિંચતાં અંબાનો હાર કુવામાં સરી પડે છે; તેથી તે આકુળવ્યાકુળ થાય છે. દરમ્યાનમાં સ્વયંવરમાં આવેલા શાલ્વદેશના રાજા શાલ્વનું આગમન. શાલ્વે પોતાની બાણુ વિદ્યાથી કુવામાંથી હાર કાઢી આપવો, તેથી અંબા તેની ધનુર્વિદ્યાપર મોહાસક્ત થઇ તેની સાથે ગાંધર્વ લગ્નથી જોડાય છે.

પ્રવેશ ૨ જો—રસ્તો—તર્કશંકર તથા તેની સ્ત્રીની વઢવાડ—બાદ સ્વયંવરમાં આવેલા રાજાઓનો વાતવિનોદ.

પ્રવેશ ૩ જો—કાશીરાજાનો બગીચો—કાશીરાજાની ત્રણે પુ-

ત્રીઓ બની ઠની સ્વયંવરમાં જવા નીકળેલી છે. દરમ્યાન ભીષ્મ તેમનું હરણુ કરે છે.

પ્રવેશ ૪ થો—તર્કશંકર પોતાની સ્ત્રી વખતીને પાંસરી કરવા બીજી સ્ત્રી પરણી લાવે છે, મુહૂર્તમાંજ બે સ્ત્રીનો કંકાસ, અને તર્કશંકરનું માથું ફુટવું.

પ્રવેશ ૫ મો—હસ્તિનાપુરમાં સત્યવતીનો દરબાર— ત્રણે કન્યાને સાથે લઇ ભીષ્મ આવે છે, અંબા શાલ્વ સાથે ગાંધર્વ લગ્નથી પરણી છું એમ વિનવવાથી તેને શાલ્વ પાસે જવાની રજા આપે છે, અને નાની બે કન્યા સાથે વિચિત્ર વીર્યને પરણાવવાનું નક્કી કરે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો—શાલ્વની ભ્રમતા—અંબા શાલ્વ પાસે આવે છે, પણ તેને ભીષ્મ હરી જવાથી તે તેનો તિરસ્કાર કરે છે.

પ્રવેશ ૭ મો—પરશુરામનો આશ્રમ—અંબા આવે છે, વાનપ્રસ્થ થએલા તેના માતામહ હોત્રવાહન રાજાનો ત્યાં તેને ભેટો થાય છે. તેમની પાસે પોતાની દુર્દશાનો રૂદનાલાપ, તેથી પરશુરામ શરણાગતને શરણ આપી અંબાને લઈ ભીષ્મ પાસે મૂકવા જાય છે.

પ્રવેશ ૮ મો—દ્રુપદ રાજાની તપશ્ચર્યા—ત્યાં જ્યોતિર્લિંગ મહાદેવનું પ્રાગટ્ય, ભીષ્મનો નાશ કરે તેવા દ્રુપદને વર.

પ્રવેશ ૯ મો—રણસંગ્રામ—ભીષ્મ અંબાને ગ્રહણ કરતા નથી, તેથી પરશુરામનો ક્રોધ; બંને વચ્ચે ત્રેવીસ દિવસ યુદ્ધ, છેવટે દેવતાઓ વગેરે વચમાં પડી યુદ્ધ અટકાવે છે. પરશુરામે અંબાને પોતે નિરૂપાય હોવાનું જણાવતાં ભીષ્મને મારવાની અંબાની દૃઢ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૧૦ મો—તર્કશંકરની દુર્દશા—બે સ્ત્રીની તાણાતાણીમાં ટાંકામાં પડે છે, તે જોઇ જુની સ્ત્રી વખતી ગભરાઇ નાસી જાય છે. અને પાછળથી તર્કશંકર પણ સંન્યાસી થવા જંગલમાં જાય છે.

પ્રવેશ—૨૧ મો. અંબાને મહાદેવ પ્રસન્ન થઇ; ભીષ્મને મા-મારવાનો વર આપી અદૃશ્ય થાય છે. સમાધિ સ્થિતિમાં અંબાનો આત્મા, કરેલા સંકલ્પો ભોગવવા લિંગ શરીર ધારણ કરી, દ્રુપદને ત્યાં જાય છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.—ભીષ્મને નારદ ભવિષ્યના ખબર આપેછે કે મહાદેવના વરદાનથી અંબા તમારો નાશ કરવા દ્રુપદને ત્યાં જન્મી છે, તે સાંભળી ભીષ્મ સ્રી હઠથી તાજુબ થાય છે.

પ્રવેશ ૨ જો.—દ્રુપદને ત્યાં જન્મેલી અંબાને મહાદેવના વરદાનના ભરૂંસાથી પુત્રમાં ખપાવી શિખંડી નામ રાખેછે, પણ તે ઉંમર લાયક થતાં પુરૂપ ન થઇ, તેથી દ્રુપદ તથા રાણી વિમાસણમાં પડે છે, લોકલજ્જાથી તેને પરણાવવા નિશ્ચય કરેછે. શિખંડી તેમ કરતાં વારેછે, પણ મહાદેવનું વચન સત્ય થશે એમ સમજાવી એની મા પરણવાની હા પડાવેછે.

પ્રવેશ ૩ જો—રામસ્વામીના આશ્રમમાં તર્કશંકરે આવી સંન્યસ્તની યાચના કરવી, ત્યાં તેના દીકરા વિશ્રામનો ભેટો; બંને જણનું વનિતા વિશ્રામમાં વખતી પાસે જવું.

પ્રવેશ ૪ થો—દેવતાઓના ભંડારી કુબેર પોતાના સેવક સ્થુ-ણાકર્ણ યક્ષપર તુષ્ટમાન થઇ, તેને વૈભવોથી ભરપુર ઉત્તમ મહેલ બક્ષીસ કરી; તેનું બાકી રહેલું આયુષ્ આનંદમાં ગુજારવા તેને નોકરી-થી ફારકત કરે છે.

પ્રવેશ ૫ મો.—શિખંડીની સ્ત્રી કુસુમાવલીનો પરણુવા પછીનો-આનંદ, શિખંડીની મુઝવણુ, સ્ત્રી પુરૂષની ભેટાભેટી, શિખંડીનું પોગળ ખુલ્લું થતાં પોતાની સ્ત્રી પાસે શરમાવું.

પ્રવેશ ૬ ઠ્ઠો—અંબાએ સ્થાપેલા વનિતા વિશ્રામમાં વખતી અધ્યક્ષ તરીકે રહેલી છે ત્યાં નવી તથા જોઈતીનું આગમન, તેજ પ્રસંગે તર્કશંકરને લઇ વિશ્રામે પ્રવેશ કરવો; સૌની ઓળખાણ તથા બેટો.

પ્રવેશ ૭ મો.—સ્ત્રીની સાથે પોતાના લગ્નથી કુસુમાવલીની સંતાપજનક સ્થિતિ, ત્યાં તેની સાસુનું શિખંડીના તપાસાર્થે આવવું, પોતાનો પાત સ્ત્રી છે, એવું મર્મમાં સાસુને સમજાવવું; પોગળ ખુલ્લું થએલું જાણી રાણીની વિમાસણ.

પ્રવેશ ૮ મો—કુબેરે સ્થુણાકર્ણ યક્ષને બક્ષીસ કરેલો મહેલ—ત્યાં શિખંડીનું આવવું. તેની દયાજનક સ્થિતથી સ્થુણાકર્ણનું પ્રસન્ન થવું, અને પોતાની સિદ્ધિના બળથી પોતાનું પુરૂષ ચિન્હ થોડા વખત માટે શિખંડીને આપી તેનું સ્ત્રીપણું પોતે ગ્રહણ કરેછે. ચિન્હો બદલાવાથી શિખંડીને પુરૂષના ઉદ્‌ગારો ઉદ્‌ભવવા, તથા સ્થુણાકર્ણને સ્ત્રીપણાના ભાવ પ્રગટવા. શિકારે નીકળેલા શાલ્વનું આગમન. સ્ત્રી થએલા સ્થુણાકર્ણનું તેના પર મોહાસક્ત થઇ બંનેનું વિહારમાં પડવું ત્યાં કુબેરનું અચાનક આવવું, સ્થુણાકર્ણને સ્ત્રી રૂપમાં પુરૂષની સાથે, વિહારમાં પડેલો જોઇ, ગુસ્સે થઇ સ્ત્રી તરીકે કાયમ રહેવાનો શાપ આપવો.

પ્રવેશ ૯ મો—પુરૂષ થઇ આવેલા શિખંડીનો પોતાની સ્ત્રી કુસુમાવલી સાથે પતિ પત્ની તરીકેનો પ્રેમ તથા આનંદ.

પ્રવેશ ૧૦ મો—શાલ્વ તથા સ્થુણાકર્ણી સ્ત્રીનો પ્રેમવિનોદ. ત્યાં શિખંડીનું આવવું. ભીષ્મ પડશે ત્યાં સુધી પોતાને પુરૂષપણું કાયમ રહેશે એવું સાંભળવાથી આનંદ થવો, અને મહાદેવના વચનની સત્યતા.

અંક ૩ જો

પ્રવેશ ૧ લો.—મહાભારતના યુદ્ધનો આરંભ. યુદ્ધમાં નિવૃત્ત રહેવાથી સંહાર થતો અટકશે. એમ ભીષ્મને વ્યાસનું સૂચન.

પ્રવેશ ૨ જો.—શ્રીકૃષ્ણ પાસે પાંડવોએ પોતાની દીનતા દર્શાવવી, કૌરવો યુદ્ધ શિવાય માને તેવા નથી જેથી યુદ્ધમાં પ્રવૃત્ત થવાની શ્રીકૃષ્ણે તેમને પ્રેરણા કરવી.

પ્રવેશ ૩ જો—કુરૂક્ષેત્ર-અર્જુનને પોતાની સામે લડવા ઉભેલા સંબંધીઓને જોવાથી મોહ થવો, શ્રીકૃષ્ણે ગીતાનો ધર્મોપદેશ કરી રણ યુદ્ધ કરવા તેને દ્રઢ કરવો.

પ્રવેશ ૪ થો—દુર્યોધન રણસંગ્રામમાં પાંડવોથી ત્રાસ પામી ભીષ્મને રક્ષા કરવા વિનવેછે, ભીષ્મ દશ દિવસ મહા સંહાર કરી છેવટ શિખંડીને સામો જોઈ પ્રહાર કરતા નથી પણ શિખંડી પૂર્વના વેરનું સ્મરણ આપી તેને મારેછે, ભીષ્મ પડેછે. જેથી શાપની અવધ પૂર્ણ થવાથી શિખંડીને તેનું સ્ત્રી ચિન્હ અંગીકાર કરી પોતાને મુકત કરવા સ્થુણાકર્ણ યક્ષનું અદ્રશ્ય રહી સૂચન.

પ્રવેશ ૫ મો—અંબાએ સ્થાપેલા વનિતાવિશ્રામમાં વખતી તથા ગોમતીની આશ્ચર્યજનક વાતચીત.

પ્રવેશ ૬ ઠો—શાલ્વ તથા સ્થુણાકર્ણી સ્ત્રીનું છુટા થવું, ત્યાં અચાનક અંબાનું આવવું, શાલ્વને સ્વયંવરમાં પ્રથમ જે વરમાળા આરોપવાની હતી તેજ વરમાળા મહા વિટંબના ભોગવી પૂર્વના સંકલ્પ બળથી શાલ્વને આરોપવી, બંનેના મનની શાન્તિ અને તેથી ઉપજતો પૂર્ણાનંદ.

પ્રવેશ ૭ મો—ભીષ્મ બાણશય્યાપર—સૌને લડાઇથી નિવૃત્ત થવા ઉપદેશ કરવો. પાંડવોને ધન્યવાદ આપવો, જેથી દૂષીલા કૌરવોનું ગુસ્સે થઈ ચાલ્યા જવું; ભીષ્મનો અંતકાળ. તેની છેવટની ઇચ્છાનુસાર શ્રીકૃષ્ણ પરમાત્માના ચતુર્ભુજ સ્વરૂપના દર્શન અને નાટકની સમાપ્તિ.

મુખ્ય પાત્રો.

ભીષ્મ—હસ્તિનાપુરના શાંતનુ રાજાના પુત્ર.

વિચિત્રવીર્ય—શાંતનુનો નાનો પુત્ર. ભીષ્મનો ઓરમાન ભાઈ.

વ્યાસ—પરાશર મુનિના પુત્ર, સત્યવતી (મત્સ્યગંધા)થી ઉત્પન્ન થએલા,

નારદ—બ્રહ્મર્ષિ.

શાલ્વ—શાલ્વ દેશના રાજા.

કાશીરાજા—અંબા, અંબાલિકા તથા અંબિકાનો પિતા, કાશીનો રાજા.

કુબેર—દેવોના ભંડારના અધ્યક્ષ.

સ્થુણાકર્ણ—કુબેરનો સેવક. (યક્ષ)

દ્રુપદ—શિખંડીનો પિતા, દ્રુપદ નગરીનો રાજા,

શિખંડી—અંબાનો પુનર્જન્મ, દ્રુપદનો પુત્ર.

શ્રીકૃષ્ણ—દ્વારિકાધીશ, પાંડવોના સહાયક.

દુર્યોધન
દુશ્શાસન } ધૃતરાષ્ટ્રના પુત્રો, કૌરવો.

શકુનિ—દુર્યોધનનો મામો.

દ્રોણ—કૌરવોને ધનુર્વિદ્યા શીખવનાર આચાર્ય.

યુધિષ્ઠિર
ભીમ
અર્જુન
સહદેવ
નકુલ } પાંડવો.

લક્ષ્મીવંત—લક્ષ્મીના મદમાં ચકચુર રાજા.
પરશુરામ—વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર, જમદગ્નિ મુનિના પુત્ર.
હોત્રવાહન—અંબાના પિતામહ (વાનપ્રસ્થ થએલા)
તર્કશંકર—બ્રાહ્મણ.
વિશ્રામ—તર્કશંકરનો પુત્ર.

અંબા
અંબાલિકા } કાશીરાજાની પુત્રીઓ.
અંબિકા

સત્યવતી—ભીષ્મની ઓરમાન મા, શાંતનુની રાણી, (મત્સ્યગંધા)
દ્રોપદી—દ્રુપદરાજાની પુત્રી, પાંડવોની સ્ત્રી.
દ્રુપદરાણી—દ્રુપદરાજાની રાણી, શિખંડીની મા.
સ્થુણાકર્ણી—શાપીત થએલ સ્થુણાકર્ણ યક્ષ, સ્ત્રી રૂપે.

વખતી
નવી } તર્કશંકરની સ્ત્રીઓ.

જોઈતી—તર્કશંકરની સ્ત્રી વખતીની દીકરી.
તે શિવાય—સ્વયંવરમાં આવેલા રાજાઓ, સેવકો, સૈનિકો, વસુઓ, ઋષિયો, બ્રાહ્મણો, યક્ષો, રામસ્વામી, સખીઓ, દાસીઓ, વારાંગનાઓ, ગંગા, ગોમતી, વગેરે.



ભીષ્મપિતામહ નાટકનાં ગાયનો.

સૂત્રધાર— મંગળાચરણ.

નમું નિરંજન ઇશ તમોને, જ્યાં જોઉં ત્યાં તું નો તું.
નિરાકાર સાકાર ભાસે, સ્વઇચ્છાએ તું પ્રકાશે;
નેતી નેતી વેદ પોકારે, ગુણાતીત તે તું નો તું— નમું.
જનસમાજની કર તું શુદ્ધિ, ગુણ ગ્રાહકની પ્રગટે બુદ્ધિ;
ઘટ ઘટ વ્યાપક રહ્યો હૃદયમાં, આત્મસ્વરૂપે તું નો તું— નમું.

બાળાઓ— ૨

ગ્રહસ્થાશ્રમની શોભા સઘળી, નારીથી સચવાય;
તે નારીને કહો નઠારી, એ કેવો અન્યાય—ગ્રહસ્થાશ્રમ.
અવનિમાં ઉપજ્યાં બે સાથે, પુરૂષ પ્રકૃતિ રહ્યાં સંગાથે;
વંશ વૃદ્ધિ જેના થકી થાય, એથી ઉત્તમ કયું કહેવાય;
તે નારીને—ગ્રહસ્થાશ્રમ.
નારી વિના કહો કોણ નિપજ્યા, સાર્વભૌમ પણ એથી ઉપજ્યા;
ધ્રુવ પ્રહ્લાદ અને યદુરાય, એની પણ નારી મા થાય;
તે નારીને—ગ્રહસ્થા.
જગતની જે આદ્યશક્તિ, નારી રૂપે પ્રત્યક્ષ પ્રગટી;
ગૃહિણી ગૃહ દેવી ગણાય, રિદ્ધિ સિદ્ધિ સ્ત્રી સમજાય;
તે નારીને—ગ્રહસ્થા.

અંબા વગેરે—   ૩

મંગળ કરજો મહેશ્વર, જય જય શંકર ઉમાપતિ—જય જય.
વિષધર વિષહર વિષયન ચઢાતી,
ગૌરી નાથના ગુણને ગાતી;
દેજો નિર્મળ મતિ (૨)   શંકર.
મદ નારિ અરિના મદ હરજો,
ત્રિપુરારિ રિપુને સંહરજો;
શુદ્ધ ભાવે કરૂં સ્તુતિ (૨)   શંકર.

અંબા—   ૪

કોઈ કાઢો જળ બહાર, મારો હૈયાનો હાર;
હૈયાનો હાર, જોબનીયાનો શણગાર—કોઇ.
મોંઘા મૂલનાં મારાં મોતી નંદાશે,
ક્યરે પુરાઇને કચરાળાં થાશે;
કાંઠે ઉભી હાર તણી આશે,
કરૂં છું પોકાર, હું કરૂં છું પોકાર—કોઇ.

શાલ્વ—   ૫

માનું માનું મધુરી આભાર, તમારો—   માનું.
દીલ દેખી તમારૂં ઉદાર,
અપાર દીલ દેખી તમારૂં ઉદાર—   માનું.

અંબા—આજ પામી હું હૈયાનો હાર,
એ છે મોટો તમારો ઉપકાર;

શાલ્વ—તમારો હાર તમને આપ્યો, એમાં ઉપકાર શાનો?

અંબા—હારને બદલે હાર આપ્યો, તેમાં ઉદારતા શાની !
પરખી પરાક્રમ પ્રેમે,
આ દીલ હવે દીધું મેં તમને દીલદાર (૨) માનું.

શાલ્વ— ૬

સૌ સૌને રૂપાળા માને, એહ જગતની બલિહારી;
રૂપગુણની ખરી પરીક્ષા, કરશે કન્યા વરનારી.
મનથી માન્યું તે રૂપાળું, ભલે હોય બીજું ગુણવાળું;
તો પણ શ્યામા જુવે ન સામું, હાંસી કરશે તુચ્છકારી–રૂપ.

બીજો રાજા—રમણી રસીલી રંગમંડપમાં, હાર અરપશે આવી સમીપમાં;
મહીપતિ મોટા મુછ મરડતા, જોતા રહેશે ખોંખારી–રૂપ.

શાલ્વ—અંબા ભૂપતિને દઇ તાળી, શાલ્વ ઉપર ક્હેશે ગઇ વારી;
નિરાશ થઇ સૌ વીલે મુખે, વિદાય થાશે અહંકારી–રૂપ.

લક્ષ્મીવંત— ૭

ભૂમંડળમાં સરવે જોયા, લક્ષ્મીને ભજનારા;
શ્રીમંતના પગલાં પણ સારાં, નિર્ધન મુખ નઠારાં—ભૂમંડળ.
ધનવાન ઘેર ધક્કા ખાતા, સરસ્વતી સુત ગુણના જ્ઞાતા;
લક્ષ્મી તન મૂરખ પૂજાતા, વિદ્યા ઉપાસક સૂકાતા—
ધન્ય ધન્ય છે લક્ષ્મી માતા, અકળકળા તારી વિખ્યાતા;
વાહ, વાહ, વાહ—ભૂમંડળ.

રાંડ ભાંડ નાટક કરનારા, શોધે શ્રીમંતને ગાનારા;
અમૂલ્ય રત્નના જોઇ ચમકારા, ખમા ખમા કરે બ્રાહ્મણ સારા;
અવગુણ સઘળા ઢાંકી નાંખે, પૈસાના સઘળે પોબારા—ભૂમંડળ.

સખીઓ— ૮

બની ઠની ચાલીરે, પ્રમદા પ્રેમ બગીચે રમવા.
માળણુ વેષ ધરીને શાણી,
સેવા સુમન મન હરખાણી;
રમણી રસીલી રસરાણી— બની ઠની.
પુષ્પ ગુલાબ પસંદ કરવાને,
મનનો માન્યો વર વરવાને;
પરખી પુરૂષ પુણ્યશાળી— બની ઠની.
શોભાવે રૂપ રંગ, લોભાવે અંગ ઢંગ;
કીર્તિ દિગંતમાં પસારી;
એવા નરેશ પુષ્પ કાશીના બાગમાં,
ખીલ્યા ખીલાવવા કુમારી સાહેલડી—શોભાવે.
પેખી પ્રિય ગુલાબ, ગાંડી થઇ ગુલદાવદી;
દીલે ન રહેતાં દાબ, પિયુ પિયુ ઝણુકે સુંદરી.
પિયુનો પ્રેમ પરાગ, જગ છવરાઇ છલકતો;
ઝીલીએ અનુરાગ, રમણી રસ સાગર બની—બની ઠની.

અંબા— ૯

એક પત્નીના પિયુની પ્રેમા, ભૂષણુ સૃષ્ટિનું લેખાય;
એ દંપતીના લાડ કોડ સૌ, સંસારે સુખથી સચવાય.
પરખી પ્રેમ અખંડ પ્રભુ પણુ, સંકટ સમયે કરે સહાય;
જુઓ સુકન્યા સાવિત્રી જે, સતીમાં મુગટ મણિ દેખાય—એ દંપતી.
એક પત્નીવ્રત રામચંદ્રનું, પામ્યાં જનક સુતા જ્યાં ન્યાય;
અખંડ પ્રેમ વડે એ દંપતી, ઇશ્વર રૂપે બધે પૂજાય—એ દંપતી.

સખીઓ— ૧૦

રૂડા રૂપાળા બહુ બહુ જોયા, પણ અંતરના મેલા
ઉપર ઈંદ્રામણા સરીખા, અંદર ઝેર ભરેલા.
ચંદન વૃક્ષે સાપ રહે તેમ, સજ્જનમાં દુર્જન ખળ છે;
સુગંધથી સમજાશે સઘળા. કસ્તુરી કે કાજળ છે—રૂડા.
કરી આકરી પુરૂષ પરીક્ષા, ગુણના સાગર ગોતી લ્યો;
તજી શંખ શેવાળ સમાને, મહા મૂલ્યનાં મોતી લ્યો--રૂડા.

અંબિકા, અંબાલિકા— ૧૧

ન્યારા ન્યારા ઉભરાણા, ટોળે ટોળાં ભરાણા;
તેના ઠામ કે ઠેકાણાં, જાણ્યા વિણ વરશું નહિ—ન્યારા.
રૂપરંગ પર મોહી, મરે પતંગ દીપક જોઇ;
મિથ્યા તેજમાં અંજાઈ, કંઠે હાર ધરશું નહિ.—ન્યારા.
શુદ્ધ ક્ષત્રિય વર જોશું, મનહર ગુણિયલ પર મહોશું;
દીવો હાથમાં લઇ બહેની, કુવામાં પડી મરશું નહિ.—ન્યારા.

તર્કશંકર— ૧૨

જોઇ લ્યો કરમની કઠણાઈ, બે નારીના નાથની નવાઇ (૨)
એકમાં ન ફાવ્યા, ત્યાં બીજીને લાવ્યા; એ પણ એનાથી સવાઇ—
બે નારીના.
શોકય શોકયોનો ખાર, એનો આવે ન પાર; ભરી આંખોમાં મણુ-
મણ રાઇ—બે નારીના.
ભૂલે ચૂકે ન વરશો, બે નારી ન કરશો; ખરી હઉં છું રામ દુવાઇ—
બે નારીના.

અંબા વગેરે— ૧૩

બળવાન વિધિના લેખ, બહેની, બળવાન વિધિના લેખ;
એમાં થાય નહિ મીન મેખ— બહેની.

અંબા—એક ગુલાબનાં ફુલડાં બહેની, માળીની છાબે વેચાય;
એક ચડે મહાદેવને, બીજું પગ તળે કચરાય— એમાં.

સખીઓ—પંખીના મેળાની પેઠે પિતા ઘેર, પુત્રીઓ ભેળી થાય;
પિયર મેળા બે પહોરનો, તજી ભાગ્ય લખે ઘેર જાય—એમાં.

શાલ્વ— ૧૪

રામા બળહારિણી, પુરૂષ મન મારિણી (૨)

*   *   *

સુખ સમજીને ઇચ્છી શ્યામા,
પણ હરતી વપુ કાન્તિ વામા;
શરીર સારિણી વિદારિણી— પુરૂષ.

અંબા— ૧૫

શી શિર જોરી શાલ્વ તમારી, ધિક્ક ધિક્ક છે કહું પોકારી;
નમેરા નરની કયાં થઇ નારી, વિધાતાએ કરી ખુવારી—શી શિર.
પોતાને સદ્ગુણી માને, અબળામાં અવગુણ જાણે;
દગો દીઓછો ખરેજ ટાણે, વચન ભંગ કરો અવિચારી—શી શિર.
હાર અરપતાં કયાં ભોગ લાગ્યા, હાથનાં કર્યાં હૈયે વાગ્યાં;
મોંત ન આવે મોંઢે માગ્યાં, કાઢો છો તમે તુચ્છકારી—શી શિર.

અંબા— ૧૬

મારા અંતરની અભિલાષા, ભીષ્મે નષ્ટ કરી હરી જાતા;
મારૂં જીવીત [illegible]ું ઝેર (૨) કયાં જઇ વિરામું દુઃખી દુહતા.

લાડે કોડે ઉછેરી પ્રેમથી, પરણાવવા પતિ સાથ;
રચ્યો સ્વયંવર ધામધુમથી, ઉપજ્યો ત્યાં ઉત્પાત—મારા.
અવસરે શોભે પુત્રી પનોતી, રૂડું શોધે મા બાપ;
વણસાડયું સુખડું ભીષ્મે અમારૂં, એહ બાળે સંતાપ—મારા.

બ્રાહ્મણો— ૧૭

અમ બ્રાહ્મણ ઉચરીયે, શરણાગતને શરણ ઘો ન કરશો;
હણો ભીષ્મ અહી શસ્ત્રો, વચન તમારૂં વ્યર્થ નહિ કરશો.

વસુ— ૧૮

પ્રસ્વાપ અસ્ત્ર, ભીષ્મ છોડો નહિ;
બ્રાહ્મણપર, પ્રહાર કરશો નહિ.

બીજો વસુ—ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, ક્ષત્રિય વિચારો;
ગુરૂ હત્યા મહા પાપ, જાણી ઉગારો.

નારદ— પરશુરામને પ્રણામ, કલ્યાણકારી;
બ્રાહ્મણને ઘો માન, જન હિતકારી.

ગંગા— હું ગંગા તુજ જનનિ, મના કરૂં છું;
બ્રાહ્મણને નહિ માર, હિત તારૂં કહું છું.

અંબા— ૧૯

નમસ્કાર છે ગુરૂજનોને, સુણો પ્રતિજ્ઞા મારી;
અબળા છું પણ પ્રબળા સમજો, સ્ત્રી હઠ વિચારી.
છું પરશુરામની ફરશી, તે ભીષ્મ લોહીની તરશી;

સરવે—સાહસ બાળા નહિ કર એવું, ભીષ્મ બ્રહ્મચારી;

અંબા—બ્રહ્મચારી પણ જોશે પ્રભુતા, સ્ત્રી સીતમગારી—નમસ્કાર.
સ્ત્રી ધર્મ મારો વણસાડયો, ભીષ્મે ભવ મારો બગાડયો,

સરવે—કર ક્ષમા ભનાની ભીષ્મને, કુરૂ નંદન વ્રત ધારી;

અંબા—વ્રત મ્હારી જોશે આ પરચો, કોપી મહાકાળી—નમસ્કાર.
હું પ્રસન્ન શિવને કરીશ, મુજ ભુજાથી ભીષ્મ હણીશ;
વર મેળવી પુરૂષ બનીને, વેર હું લેનારી—નમસ્કાર.

વખતી— ૨૦

ચાલો ચાલો મંદિરીયે મારે, નહિ જાવા દઉં શોક્યને દ્વારે (૨)
નવી—તાણાતાણીમાં પડશે પ્રભાત, (૨) વધી જાવી છે વાત;
તર્કશંકર—ત્રુટી જાય બે હાથ દુ:ખ ભારે—નહિ.
તું તે જક્ષણી કે ભક્ષણી ?
વખતી—ભક્ષણી ભોગ લઇ હારે,
તર્કશંકર—મને ટાંકામાં પાડશો અત્યારે—નહિ.
નવી—મૂકય મૂકયને શોકય એનો હાથ (૨) મોડી થઇ છે રાત;
તર્કશંકર—હવે ખાઇશ લાત આવારે—નહિ.

તર્કશંકર— ૨૧

જગમાં મેં જોયું દુસ્કરમાં દુસ્કર નારી વશ કરવીરે.
લાખ ટકાના લાડ લડાવો, આપો ધનની કુંચી;
ફુલ શય્યામાં રાખો તો પણ, કહેશે મુજને ખુંચીરે—જગમાં.
સુવણ ક્યારે કસ્તુરીનું, ખાતર દઈ પોષાય;
અમ્રત પાશો તોય લસણની, ગંધ કદી નહિ જાયરે—જગમાં.
હાથી પર અંકુશ કર્યો, કરી ઘોડા કાજ લગામ;
આ અંકુશ કરવા ટાણેશું, પ્રભુ ગયો તો ગામરે—જગમાં.

આકાશવાણી— ૨૨

લિંગ શરીર અંબાનું, ચાલ્યું કર્મે નવીન તન ધરવા;
દ્રુપદને ઘેર જન્મી, શંકર વરથી ભીષ્મને હરવા.
અચેત દેહ આહં રહેશે, જીવ જન્મીને કર્મો ભોગવશે;
ફરી પુરા સંકલ્પો, ફરી દેહ અંબાનો મેળવશે.

અંક ૨ જો.

નારદ— ૨૩

મમ શરણુ સત્ય શ્રી હરિ. (૨)
ચંચળ ચતુરા પુધ ચરણામ્બુજ,
જ્યાં મમ વૃત્તિ ઠરી ઠરી—મમ.
ગોપાલન ગોવિંદ ગદાધરે,
રમા રમણ રૂક્મિણી રાધાવર;
આનંદ ઘન યદુ નંદન,,
દરશ ચહે ચિત્ત ફરી ફરી.—મમ.

નારદ— ૨૪

હઠે ચડયાં જણ ચાર, વાર્યાં તેનો નવ વળે,
નૃપ જોગી સ્ત્રી બાળ, મુવા સુધી હઠ નવ મૂકે.
રાજા જોગા બાળ શાંત રહેનારા, કળા કૌશલ્યથી વશ હોનારા;
અબળાનું ઔષધ કોઇ ન જાણે, માથું ફુટે ફુટે સુંદર પાણે—રાજા.
ખુશામતે રીઝતો ભૂપાળ, માતા મનાવે હઠે ચડયું બાળ;
જોગી સેવાથી કદીપણરીઝે, વનિતા વસમી વેણમાં ખીજે—રાજા.
રામા રહેશે તો આપ વિચારી, ચાલે નહિ તેના બાપની કારી;
ધાર્યું પોતાનું એ નિશ્ચે કરશે, હઠે ચડી કોઇથી નવ ડરશે—રાજા.

શિખંડી— ૨૫

હરખી હિંડું પરણી મંદિર માંહે, શણગારે હું અંગને સોહાવું રે,
લલવટ ટીલડી નેણ સારૂં, મોતીડે ચોક પુરાવું—ક્યારે,—હરખી.
નીલાંબર અંગે ઓપતું, પાગે નેપુર ઝણકારરે;
કર કંકણ ઝાંઝરીયાં ઝમકે, ઉર પર લટકે હાર—ક્યારે,—હરખી.

ચંપા વર્ણી સુંદર ચોળી, વળી માંહે ભાત ભરાવું રે;
પાતળીયાને પ્રીતે ભેટું, રૂમ ઝુમ કરતી આવું--ક્યારે—હરખી.

શિખંડી— ૨૬

આ શરીરનાં લક્ષણો મારાં, શી રીતે છુપાશે;
નિતંબ મોટા કેડ પાતળી, ચુવા કેમ જળવાશે—મા૦.
નેત્ર બાણુ મારાં નહીં છુપે, રમણી સમજી જાશે;
જોબન મારૂં હસ્ત મેળાપે, જરૂર ઉન્મત થાશે--મા૦—આ.
પોગળ મારૂં જરૂર ત્યાં તો, કન્યાને પરખાશે;
સાસરીયામાં થશે ફજેતી, જીવ રખેને જાશે--મારો—આ.

સખીઓ— ૨૭

મીઠી મીઠી આંબલીયાની ડાળરે, કોયલડી ટહુકા કરે;
સુણેના સાસુડીનો બાળરે, સાદ તાણી તાણીને મરે.
કોણ જાણેરે એનો વિરહિણીનો વેશ,
વીતી જાણેરે જેનો પિયુડો પરદેશ;
ન રહે ભાન તેને લેશ (૨) ઘેલી ફરે છુટે કેશ—વીતી જાણેરે.
જ્યાં મન સાથે મન મળ્યું, ત્યાં તન મન ધન ડુલ;
અનઘડથી અંકાયના, પ્રીતલડીના મૂલ. કોણ જાણેરે—મીઠી મીઠી.

કુસુમાવલી— ૨૮

પરણી વર કન્યા રમે, રજની રતિ રંગ ભોગ;
સ્વર્ગ સુખ કેમ પરહરો, પ્રથમ રાત વિયોગ.
આઘા આઘા શું જાઓ છો રીસમાં, શું જોડયું છે ચિત્ત જગ દીસમાં;
શીદ પરણ્યા પિયુ ત્યારે પ્રીતથી, રહેવું હતું કુંવારા એક ચિત્તથી—આઘા.

ગ્યો લ્હાવો અવસર રૂડો જાયછે, મારા મનડામાં કાંઇ કાંઇ થાયછે;
જાણે ચુંબન આપું ભીડું બાથમાં, રમશું રજની રૂડી રહી સાથમાં—
આશા.

કુસુમાવલી— ૨૯

ધન્ય ધન્ય દહાડો આજનો, સોહાગણ કીધી વહાલેરે;
દુ:ખે ત્રુઠયા મેહુલા, મંદિરમાં મોહન મહાલેરે.
આગળ ઉભી વાયુ ઢોળું હું, મારામનમાં હરખી;
ફુલી અંગમાં ભોજન કરતાં, સુંદરવરને નિરખી—મોહન.
મરકડલો કરી સણુગટ વાળું, સુંદર સેજ સમારૂં;
પાતળીયાના પગલાં પ્રેમે, મારા ઉરપર ધારૂ—મોહન.
વાલમ સાથે તાળી દેતાં, ખળકે કંકણુ ચુડી;
સ્વામીનાથ સંગાથે સંગમ, રમશું રેણી રૂડી—મોહન.

કુસુમાવલી— ૩૦

ના, ના, નહિ જવાય રંગ રસીયા (૨)
રંગ રસીયા, હવેતો ફસીયા;
સલુણા સમ મારા, જો અહિંથી ખસીયા—નહિ.
કામણગારા મોહન મારા, મુજ અંતર વસીયા;
હાવ, ભાવ, લ્હાવની રસીએ કસીયા—કસીયા નહિ.

કુસુમાવલી— ૩૧

જેનાં કામ તે જે કરે, અવર થકી નવ થાય;
શીયાળથી ગજ નવ મરે, બગલા હંસ ન થાય.
કદી નારીના નર બની આવશો,
તોય મારા અંતરે નહિ ભાવશો;
કરો કોટી ઉપાય (૨) રમણીને નહિ રીઝાવશો.

કુસુમાવલી— ૩૨

કન્યા સાથે કન્યા વરી ત્યાં, જોવું અને રોવું;
જોઇ પરસ્પર પળપળ બળવું, જીવીત વૃથા ખોવું (૨)
અરેરે, જોવું અને રોવું.
તન મન બળતું નિશદિનરે, ક્ષણુક્ષણુ મદન શર દુઃખદે;
શું સહેવું, ક્યાં કહેવું—કન્યા.
સ્ત્રીનું સુખ છે પુરૂષમાં, નરનું સુખ છે નાર;
મુજને એથી ઉલટું, સુખરે શું સંસાર—તન મન.
બગડયો ભવ અમ બેઉનો, ક્યાં જઇને કહેવાય;
મુંગાને સ્વપ્નું થયું, સમજી સમજી પસ્તાય—તન મન.

સખીઓ— ૩૩

જખમનાં દરદો જખમી જાણેરે, વિણુ જખમી શું જાણે;
મરદના ઘા તો મરદ વખાણેરે, કાયર શું જાણે.
આમ્ર સ્વાદમાં કોકીલ માણે, મેના દાડમ દાણે;
હરખી હરખી હંસ કમળના, કોમળ તંતુ તાણેરે—
બગલા શું જાણે—જખમનાં.
પતિ પત્ની માણે રતિ રસમાં, કામદેવને બાણે;
શું સમજે તે જોગી જન્મના, જે જગ મિથ્યા જાણેરે—
જાણે તે જાણે—જખમનાં.

શિખંડી— ૩૪

ક્યાં ગઇ મમ ભીરૂતા, મૃદુતા વનિતાના ક્યાં ગયા વિચારો—ક્યાં ગઇ.
ધન્ય ધન્ય છે પુરૂષ પણાને, સ્ફુરે અતિ ઉત્તમ ઉદ્ગારો—ક્યાંગઇ.

લઘુતા મમતા પટુતા કટુતા, અતિ ચંચળતા થઇ નિરમૂળ;
સ્થિરતા ધીરતા સમતા સાથે, પામી પુરૂષપણું અનુકૂળ-ક્યાંગઇ.

મતાવું જઇને પૂર્ણ પરાક્રમ, માનુનીના મદને કરૂં મ્હાંત;
મદન જંગમાં રંગ જમાવી, કરૂં સુંદરીનું મન શાંત-ક્યાંગઇ.

સ્થુણાકર્ણી— ૩૫

આ સ્ત્રી સ્વરૂપને જોતાં જોતાં મન મારૂં હરખાય,
પ્રગટે ઇચ્છા નવનવી ઉર, આનંદ અતિ ઉભરાય.
વસ્ત્રા ભૂષણુ ધારણુ કરવા, મન મારૂં લલચાય;
ચંચળ ચિત્ત રાત સુખ માટે, અતિ અધીરૂં થાય.—આ સ્ત્રી.

લીધો મેં અનુભવ બંનેનો, ઉત્તમ સ્ત્રી સમજાય;
સ્ત્રીથી નર સંસાર સુધારે, નહિ તો ભવ અથડાય - આ સ્ત્રી.

૩૬

સ્થુણાકર્ણી—ખીલ્યો ખીલ્યો જોબનીયાનો બાગ, આ સ્થિર સ્થાનક છે;
શાલ્વ—તારા પ્રેમનો પુષ્પ પરાગ, જુદીજ બાનક છે.
સ્થુણાકર્ણી—તેમાં થાઓ મુસાફર સ્થિર, ખેલ શું પુષ્પ દડે
શાલ્વ—ઢોળો શીતળમંદ સમીર, સુંદર પાલવડે.
સ્થુણાકર્ણી—દઇશ તાંબુલ મારે હાથ, પ્રેમ રસ પીવાને;
શાલ્વ—હિંચશું હિંડોળાખાટ, અધરામ્રત લેવાને.
સ્થુણાકર્ણી—મારા સ્નેહને ઝુલેઝુલ, જોબન ઝુકી રહ્યું;
શાલ્વ—દિન રાત કહે તે કબુલ, મધુરૂં તારૂં કહ્યું—ખીલ્યો.

કુબેર— ૩૭

નસીબ સદા બળવાન, મનુષ્યનું નસીબ સદા બળવાન.
પુરૂષાર્થ તેં કર્યું સેવાનું, અપ્યું ઉત્તમ સ્થાન;
ભાત ભાતના ભોગો અર્પ્યા, આરામ બદલ ઉપાન—મનુષ્યનું.
અઢળક ધન અર્પે ચાકરને, માલીક કદરદાન;
ચાકર કર્મે ચાકરી તે, કેમ લીયે આરામ—મનુષ્યનું.

યક્ષો—કદરદાનની સેવા છોડી, સ્ત્રી બન્યો સેતાન,
પગ ચંપી કર નિત્ય પ્રતની, જા જાન કર કુરબાન—મનુષ્યનુ.
શેઠ રીઝ્યા તારા પર પુરા, દીધાં અમૂલ્ય દાન;

સ્થુણાકર્ણી—
ધર્મ કરતાં ધાડ આવી, શાલ્વ તેના જમાન—મનુષ્યનું.

શાલ્વ—પ્યારી અંબા છાયારૂપે પણ, અંતે થઇ તું તુપ્રમાન;

સ્થુણાકર્ણી—
અંબા નહિ કહો સ્થુણાકર્ણી, મારા તો બે દિના મેહમાન—
મનુષ્યનું.

શિખંડી— ૩૮

કાન્તા સંતુષ્ટ કરૂં આવ હર્ષથી,
મારી મનહરિણીથી કંઇ અધિક નથી—કાન્તા.
તનમન બલિહાર કરૂં પ્રાણ પાથરૂં,
મધુર અધર પાન કરી હ્રદયમાં ધરૂં—કાન્તા.

કુસુમાવલી—ધન્ય ધન્ય મુજ ભાગ્ય, સૌ મનોરથો ફળ્યા,
પ્રણય પિયુષ પામી પિયુ, વિરહ દુઃખ ટળ્યા—કાન્તા;

શાલ્વ— ૩૯

તારા સમજો તારૂણી તું મને, સૌથી લાગે વહાલી વહાલી (૨)
વિણુ તેડયો તારા મંદિરમાં, જો હું આવ્યો ચાલી—તારા.
સ્થુણાકર્ણી—વહાલ વિનાનાં વખાણુ કરે, તેનું મુખ ન ગમે દીઠું;
શાલ્વ—પ્રીતલડીનું વાંકુ વચન પણુ, લાગે મુજને મીઠું,
તારૂં મુખડું મલકે પળકે પળકે રસ છલકે રઢીયાલી—તારા.
પ્રેમ પાશમાં બંધાયો તે, કેમ શકું હું નાસી;
નાચું છું તું જેમ નચાવે, ભલે કરે જગ હાંસી,
સ્થુણાકર્ણી—
શાને મનહર મારા કામણુગારા શરમાવો ગુણુશાળી—તારા.

શાલ્વ— ૪૦

ધન્ય ધન્ય છે અંબા તુજને, આ હઠ તારી સાચી;
પ્રેમ ભંગમાં અન્ય વરી નહિ, તેથી મુજને રાચી.
રાજપાટ છોડી તુજ કારણુ, ભટકયો જંગલ જંગલ;
મળતાં તારી છાયા મુજને, વર્ત્યો આનંદ મંગલ.
સ્થુણાકર્ણી—અંબા છાયા બની પ્રેમદા, કરૂં તમારૂં પૂજન;
પતિવ્રતાના ધર્મ પ્રમાણે, અર્પ્યું તન મન ધન.
શિખંડી—પ્રેમ પરીક્ષા પૂર્ણ આપી તે, ખરી હતી કે ખોટી;
જન્મોજન્મના આપ પતિ છો, એ મુજ પ્રેમ કસોટી—ધન્ય.

અંક ૩ જો.

ભીષ્મ— ૪૧

અજાણ્યું નથી કાંઇરે અંતર્યામીથી,
ગુહ્ય ગુફામાં ગુપ્ત કરેલો, સારા સાર વિચાર;
તે પણુ સાક્ષી શ્રી હરિ સૌના, જાણો છો જગદાધાર—અજાણ્યું.
વ્યાસ—પ્રભુ તણેદરબારે મળશે, પુણ્ય પાપનો ન્યાય;
દુધનું વળતર દુધમાં વળશે, પાણીનું પાણીમાં વળાયરે—અંતર્યામી.

વ્યાસ— ૪૨

અહો ધર્મ કર્મ વિણ અખંડ સુખડાં ક્યાં મળશે ક્યાં મળશે,
પરભવનાં પાપો ક્યાં બળશે, તન મનના તાપો ક્યાં ટળશે—અહો.
ઉંચું જોતાં નર આખડશે, નીચું જોતાં ઉંચા ચડશે;
પોતાનું પોતાને નડશે, નહિ જળમાંથી માખણુ જડશે,
હરિ ચરણ શરણમાં તાપ ત્રિવિધના સહુ ટળશે સહુ ટળશે—અહો.

યુધિષ્ઠિર— ૪૩

જેને સ્વજન કુટુંબી કુપાત્ર મળે,
તેના સુખ તણી નવ આશ ફળે—જેને.
અતિ ક્લેશ થકી દીલતે કકળે,
વળી અગ્નિ વિના દિન રાત બળે—જેને.

જેના સ્નેહી સંબંધી સુપાત્ર ઠરે,
અહો તે જનનું સદ્ ભાગ્ય ખરે--જેને.
મનવાંછિત ઇચ્છિત અર્થ સરે,
જન્મી જન જન્મ સફળ કરે--જેને.

પાંડવો, દ્રૌપદી— ૪૪

તમને દુઃખની વાત અમારી, માધવ શું કહીએરે;
અમને સાચી ઓથ તમારી, માધવ શું કહીએરે.
માધવ કહેતાં દુઃખની વાત.
દ્રૌપદી—મારૂં હૈયું નવ રહે હાથ;
પાંડવો, દ્રૌપદી—અમારા બેલી છો જગનાથ—માધવ.
દ્રૌપદી—ભરી સભામાં ચીર ખેંચ્યા, જોતાં પંચ ભરથાર;
રોતી કકળાતી અબળાહું, સમરૂં શ્રી ગોપાળ—માધવ.
પાંડવો, દ્રૌપદી—બાર વર્ષ વનવાસ ભોગવ્યો, ઉપર ગુપ્ત નિવાસ;
એક વર્ષ રહ્યાં દાસ બનીને, તોપણ નાવી રાશ—માધવ.
કૃષ્ણ—પૂર્વ સંબંધે આવી મળે, જે કર્યું વિધિએ નિર્માણ;
હું તમથી જુદો નથી, છો પાંડવ મારા પ્રાણ—માધવ.

દ્રૌપદી— ૪૫

મારા પંચ પતિ બળવાન, કરો કેસરીયારે;
જઈ બતાવો કુળ અભિમાન, રણ તરવરીયારે.
બાર વર્ષની બુઝાવો આગ, કૃષ્ણ સખા સાથે મહા ભાગ;
મુવા વિના નહિ આપે ભાગ, મદના ભરીયારે--મારા.

મારી વેણી છુટી બાંધો હાથ, કૌરવ લોહીથી કરો સનાથ;
પાંચ પતિ છતાં ફરૂં અનાથ, દુઃખના દરીયારે—મારા.
પૂર્ણ પ્રતિજ્ઞા કરો તમારી, રાંડી જોઉં હું દુશ્મન નારી;
નહિ તો મરૂં હું પાંચાળી, દુશ્મન બળીયારે—મારા.

સ્થુણાકર્ણ— ૪૬

શિખંડી સમજીજા, શાપ અવધ થઇ ગઇ પુરી મારી;
પુરૂષપણું પાછું દે. ઉપાધિ બહુ ઉઠાવી મેં તારી.

શિખંડી—

યક્ષરાય આવું છું, ધીરજ રાખો સ્ત્રીપણું મમ લેવા;
આપ તણી ઓશિંગણુ, વચન પ્રમાણે હાજર છું દેવા.

અંબા— ૪૭

જોયું આ જગત્ રમણિયતે જીવે મનસ્વી કલ્પેલું;
તેમાં સુખ દુર્ઘટ અતિ, પંચ વિષયોથી તે બળેલું.
કર્મરૂપી વંટોળીયા મનુષ્યને, જ્યાં ત્યાં જગતમાં અથડાવે;
સુખ દુઃખ અનિત્ય જાણ્યા છતાં. મન થકી વ્યાધિ પોતે કરાવે.
સત્ય સ્વરૂપ જાણ્યા વિના, જગતમાં શાંતિ ક્યાંથી એ પામે;
તૃષ્ણાની સત્તા તળે સરવજન, જીવ ક્યાં જઇ વિરામે.
અંતરમાં અભિલાષા પ્રગટતાં, પ્રાણીને પ્રેમમય એ બનાવે;
તેનો રંગ ભંગ કરતાં રમણીને, ક્રોધ કર્મ બૂરાં કરાવે.

અંબા— ૪૮

નથી સુલભ સંસારી સુખડાં, આ અવનીમાં અનુભવીયુંરે;
ત્રણે જન્મમાં ફરી ફરીને, જોઇ વળી ભવ તળીયુંરે.
અંતે સુખ માની સ્વામીમાં. મનડું મારૂં ફરીયુંરે;

શાલ્વ—રત્ન ગુમાવેલ પાછું મળીયું, નસીબ આજે વળીયુંરે.

અંબા—પરણુવા આવી હતી સ્વામી, પાછી વાળી કાઢી ખામી;
પાય પડી પુછું શિરનામી, કસોટીમાં ઉતરી કે નકામી?

શાલ્વ—પ્રેમ પુતળી ખરેખરી તું, સ્થુણા કર્ણી થઇ ધરીયુંરે.
ભીષ્મ જેવા ગોદ્ધા ભડનામી, હણી આવી તું વિજય પામી;

અંબા—પ્રેમ પુષ્પથી વધાવું સ્વામી, સ્વીકારશો મમ અંતર્યામી—

શાલ્વ—આવ હૃદય દેવી તું મારી. જોઇ તુંને મન ઠરીયુંરે.—નથી.

શ્રીકૃષ્ણ પરમાત્માના ચતુર્ભુજ સ્વરૂપે દર્શન.

સમાપ્ત.

પ્રાણાયામ.

પ્રાણાયામ સંબંધી માહિતી આપનાર સર્વોત્તમ પુસ્તક તેમાં પ્રાણાયામ કોણ કરી શકે છે. પ્રાણાયામથી શું લાભ થાય છે પ્રાણાયામથી જીવનની વૃદ્ધિ શી રીતે થઇ શકે છે. પ્રાણાયામનું સ્વરૂપ. પ્રાણાયામ કેવી રીતે કરવો વગેરે બીજી સેંકડો ઉપયોગી બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાણાયામ બિલકુલ નહિ જાણનાર મનુષ્યને આ પુસ્તક ઘણું ઉપયોગી થઇ પડે છે. અઢીસેં પૃષ્ઠના પુસ્તકની કીમત માત્ર આઠ આના.

કાવ્યકુસુમ.

જ્ઞાન. તત્ત્વવિચાર તથા ભક્તિરસથી સંપૂર્ણ ભરેલાં આધુનિક નાટકના લોકપ્રિય ગાયનના રાહમાં બનાવેલાં પદ્યોનો આ પુસ્તકમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. પુસ્તકને સુંદર રીતે છપાવી શોભાવવામાં આવ્યું છે. તમે તેને મંગાવશો તો અવસ્ય પ્રસન્ન થશો કેમકે તેમાં ઘણાં બોધક વિષયના પદ્યો આવેલાં છે. મૂલ્ય આઠ આના.

ઉપરના બંને પુસ્તકો મળવાનું ઠેકાણું

પ્રભુશંકર નરભેરામ વ્યાસ

તંત્રી ચંદ્રપ્રકાશ, બાગાતળાવ—સુરત.

અમારી રાજા રજવાડામાં વખણાતી "યાકુતી ની નક નીકળેલ છે માટે નકલીઆથી સંભાળજો, અમારી બન બાદશાહી યાકુતી અનંગ વિલાસ અમે કોઇને વેચવા આપેલ - અમારી બનાવેલ યાકુતી માત્ર રાજકોટમાં અમારા ઔષધાલયઃ મળે છે.

બાદશાહી યાકુતી

(અનંગ વિલાસ.)

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે; પુરૂષાતન કાયમ રાખે છે. સંસાર સુખ ભોગવવા માટે દેશી અને યુનાની દવામાં ઉંચામાં ઉંચી દવા જોઇએ તો આ **બાદશાહી યાકુતી અનંગ વિલાસ** છે. આ રાજવાડી યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધિ મટાડે છે અને વીર્ય ઘટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. રાજા રજવાડામાં તથા શ્રીમંત લોકોમાં આ દવા બહુ વખણાય છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર, આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ દશ.

ડાક્ટર કાલીદાસ મોતીરામ, રાજકોટ—કાઠીયાવાડ.